# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 02-04-2026 Day: Thursday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી :

**રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે આગામી 26 એપ્રિલે મતદાન અને 28 એપ્રિલે મતગણતરી હાથ ધરાશે. ગાંધીનગરમાં આ અંગેની જાહેરાત કરતા રાજ્યના ચૂંટણી કમિશનર ડોક્ટર એસ. મુરલીક્રિશ્નાએ કહ્યું, રાજ્યની 15 મહાનગરપાલિકા, 84 નગરપાલિકા, 34 જિલ્લા પંચાયત તથા 260 તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી અને 11 નગરપાલિકાની ખાલી પડેલી 13 બેઠકની આગામી 26 તારીખે ચૂંટણી યોજાશે. આ જાહેરાત થતાં જ આજથી જ આદર્શ આચારસંહિતા અમલમાં આવી છે.**

**ચૂંટણી માટે આગામી છ એપ્રિલે જાહેરનામું પ્રસિદ્ધ કરાશે. જ્યારે 11 એપ્રિલ સુધી ઉમેદવારીપત્ર ભરી શકાશે, તેમ રાજ્ય ચૂંટણી કમિશનરે જણાવ્યું.**

**કચ્છની વાત કરીએ તો ગાંધીધામ મહા નગરપાલિકાના 13 વોર્ડની બાવન બેઠક પાંચ નગર-પાલિકાના 43 વોર્ડની 172 બેઠક, 9 તાલુકા પંચાયતની 186 બેઠક અને જિ. પંચાયતની 38 બેઠકો માટે ચૂંટણી યોજવામાં આવનાર છે.**

**સત્તાવાર રીતે અપાયેલી વિગતો અનુસાર જિલ્લામાં કુલ્લ 14,50,931 મતદારો પૈકી 7,48,895 પુરૂષ અને 7,02,021 મહિલા તેમજ 15 અન્ય મતદારોનો સમાવેશ થાય છે.**

---

## દેશમાં પાકના બીજ પુરતા પ્રમાણમાં :

પશ્ચિમ એશિયા સંઘર્ષ વચ્ચે કેન્દ્ર સરકારે દેશમાં તમામ પ્રકારના પાકના બીજ પૂરતા પ્રમાણમાં હોવાનું આશ્વાસન આપ્યું છે. પશ્ચિમ એશિયાની વર્તમાન સ્થિતિ પર નવી દિલ્હીમાં યોજાયેલી આંતર-મંત્રાલય બેઠકમાં કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગનાં અધિક સચિવ ડૉક્ટર મનિન્દરકૌર દ્વિવેદીએ કહ્યું, દેશભરમાં ખરીફ પાકના 185 લાખ ક્વિન્ટલથી વધુ બીજ ઉપલબ્ધ છે. દેશમાં ખેત રસાયણોનો પણ પૂરતો જથ્થો ઉપલબ્ધ હોવાનું શ્રી દ્વિવેદીએ ઉંમેર્યું.

જ્યારે પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયનાં સંયુક્ત સચિવ સુજાતા શર્માએ દેશમાં કાચા તેલનો ભંડાર પણ પૂરતો હોવાનું જણાવ્યું હતું. તેમણે કહ્યું, સરકારે આગામી બે મહિના માટે પૂરતા કાચા તેલના પૂરવઠો સુનિશ્ચિત કરવાની વ્યવસ્થા કરી છે.

---

## MSME નોંધણી:

રાજ્યમાં 30 લાખથી વધુ સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ – MSME એકમે નોંધણી કરાવી છે. આ સાથે જ MSME ઉદ્યમ માટે નોંધણી કરાવવામાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ પાંચ રાજ્યમાં સામેલ થયું છે. દેશમાં સૌથી વધુ નોંધણી ધરાવતા પહેલા 10 જિલ્લામાં અમદાવાદ અને સુરતનો પણ સમાવેશ થયો હોવાનું સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

---

## ચુંટણી માટે વહીવટી તંત્ર સજ્જ:

કચ્છમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચુંટણીની તારીખ જાહેર થયાની સાથે જ વહીવટી તંત્ર દ્વારા  તાલીમનો કાર્યક્રમ પણ શરૂ કરી દેવામાં આવ્યો છે.30 માર્ચ સુધી નોડલ અધિકારીઓને 1 દિવસની તાલીમ આપવામાં આવી હતી. ચુંટણી અધિકારીઓ અને મદદનીશ અધિકારીઓને ચોથી માર્ચ સુધીમાં 1 દિવસની તાલીમ અપાશે.તેમજ વિવિધ અધિકારીઓથી લઈ પોલિંગ સ્ટાફ સુધી તેમની ફરજો અંગે તાલીમ અપાશે.

---

## શિક્ષક અભિરૂચિ કસોટીની તારીખમાં ફેરફાર:

રાજય પરીક્ષા બોર્ડ દ્વારા શિક્ષક અભિરૂચિ કસોટી માધ્યમિક 2026નું આયોજન 26 એપ્રિલના રોજ કરવામાં આવેલ હતું. પરંતુ રાજ્ય ચુંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચુંટણીઓનું આયોજન હોતા આ કસોટી 3જી મે 2026ના રોજ આયોજીત કરવામાં આવશે.જેની સંબંધિતોએ નોંધ લેવા  રાજ્ય પરિક્ષા બોર્ડ ગાંધીનગરની યાદીમાં જણાવાયુ છે.

---

## ભુજમાં નવા નાયબ જીલ્લા વિકાસ અધિકારી:

ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા રાજ્યના વિકાસ સેવાના વર્ગ-2ના અધિકારીઓને વર્ગ-1માં બઢતી સાથે બદલીના  આદેશો જારી કરવામાં આવ્યા છે. આ અંર્તગત  હાલ ખેડા જીલ્લાના  ગલતેશ્વર તાલુકામાં  તાલુકા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતા કુમારી માધુરીબેન કેશવનભાઈ પટેલને  બઢતી આપીને  નાયબ જીલ્લા વિકાસ અધિકારી જીલ્લા પંચાયત કચેરી,કચ્છ તરીકે નિમણુંક આપવામાં આવી છે.

---

## કૃષિ મેળો:

કચ્છના ખેડૂતો આત્મનિર્ભર બને તેમજ વાવેતરથી વેચાણ સુધી સીધા બજાર સુધી પહોંચે તેવા સંદેશ સાથે  જીલ્લા મથક ભુજ ખાતે વધુ એકવાર કૃષિમેળો યોજાવા જઇ રહ્યો છે. મિરજાપર રોડ પર પ્રાઇમ લોકેશન ગ્રાઉન્ડના વિશાળ પરિસરમાં વિવિધ ક્ષેત્રના અને જાહેરજીવનના અગ્રણીઓ, પ્રગતિશીલ કિસાન આગેવાનોની ઉપસ્થિતિ વચ્ચે આવતીકાલે આ કૃષિ મેળાનું ઉદ્ઘાટન કરાશે. પ્રાયોજકો, આયોજકોએ કચ્છભરમાંથી ખેડૂતોને કૃષિ મેળાનો લાભ લેવા અપીલ કરી છે.

---

## હનુમાન જયંતિની ઉજવણી:

રામદૂત હનુમાનજીના પ્રાગટ્ય ઉત્સવ હનુમાન જયંતિની આજે ઉજવણી થઈ રહી છે, ભુજમાં  વિવિધ હનુમાન મંદિરોમાં હવન હનુમાન ચાલીસા અને સુંદર કાંડ, સમૂહ પઠન, મહાઆરતી વિગેરે ધાર્મિક કાર્યક્રમો થી વાતાવરણ ગાજતું રહેશે. ભૂજ તાલુકાના કુકમા નજીક આવેલા લેર હનુમાન મંદિરે હનુમાન જયંતી નિમિતે વિવિધ કાર્યક્રમો સાથે ઉજવાશે.

---------------------------------------------------------------------------------------------

## હવામાન:

રાજ્યમાં દક્ષિણ-પૂર્વ અને કચ્છ પાસે ચક્રવાતી પ્રણાલિ સક્રિય થતા આગામી ચાર એપ્રિલ સુધી ગાજવીજ સાથે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના નિયામક ડૉક્ટર એ. કે. દાસે કહ્યું, આવતીકાલે સૌરાષ્ટ્ર–કચ્છ, ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદ થઈ શકે છે.

---------------------------------------------------------------------------------------------